Volume 3, Issue 3

June

2025

# ટપક E-MAGAZINE

૨૬ – ઓમનગર (૩), જી.આઇ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

## ૩જી જૂન ૨૦૨૫ ના રોજ નાબાર્ડ, અમરેલીના ડીડીએમએ ચિતલ ખાતે સીવણ ક્લાસ સેન્ટરની મુલાકાત લીધી.





## સંસ્થાના પ્રતિનિધિ કૌશિક પંડ્યાએ ૩ અને ૪ જૂન, ૨૦૨૫ દરમિયાન બેટર કોટન દ્વારા બેંગલુરુ ખાતે આયોજિત 'રિજનરેટિવ એગ્રીકલ્ચર વર્કશોપ' માં ભાગ લીધો હતો.





## તા. 03/0૬/૨૦૨૫ ના રોજ અમરેલી અને લાઠી ક્લસ્ટર - પીયુ સ્તરની માસિક આયોજન અને સમીક્ષા બેઠક યોજાઈ.





## નરેન્દ્ર પોંકિયા અને રમેશભાઈ સોલંકીએ ૫ અને ૬ જૂન, ૨૦૨૫ દરમિયાન અમદાવાદ ખાતે "શેરિંગ અને લર્નિંગ વર્કશોપ" માં ભાગ લીધો હતો.









## સંસ્થાના માનસીબેન અને મોનિકાબેને ૬ જૂન, ૨૦૨૫ના રોજ અમદાવાદ ખાતે આવૃત્તિ ૧૧ માટે HCLટેક ગ્રાન્ટ પેન-ઈન્ડિયા સિમ્પોઝિયમમાં ભાગ લીધો હતો.








આ મહિને કોટન કનેક્ટમાંથી હેતલ પટેલ અને કિરણ પાટીલે સંસ્થાની પીયુ ટીમોની મુલાકાત લીધી અને તેમની સાથે વાતચીત કરી. જેમાં તેમણે ૧૨ જૂને ટીંબી અને ધોકડવા ક્લસ્ટર, ૧૭ જૂને લાઠી ક્લસ્ટર, ૧૮ જૂને ખાંભા ક્લસ્ટર અને ૧૯ જૂન, ૨૦૨૫ ના રોજ ચિતલ ક્લસ્ટરની મુલાકાત લીધી. તેમની મુલાકાત દરમિયાન તેઓએ એલજી રજિસ્ટર, ગામ રજિસ્ટર, લેશન પ્લાન ચકાસ્યા અને ટીમ સાથે ગત મહિનાની પ્રવૃત્તિઓ પર ચર્ચા કરી.












સોરઠ અને જેએપીસીએલ એફપીઓના બોર્ડ ઓફ ડિરેક્ટરની બેઠક ૨૭ જૂન ૨૦૨૫ ના રોજ ટીંબી ખાતે યોજાઈ હતી. બોર્ડના સભ્યોએ બેઠકમાં કાર્યસૂચિ મુજબ ગયા વર્ષની સિદ્ધિઓ અને ચાલુ વર્ષની પ્રવૃત્તિઓની ચર્ચા કરી હતી.





## IADLE પ્રોજેક્ટની માસિક બેઠક ૧૨ જૂન, ૨૦૨૫ ના રોજ ઉના ખાતે યોજાઈ હતી.





## શેખ પીપરીયા મુકામે CCFCF અને નાબાર્ડના સહયોગથી આજિવિકા અને ઉદ્યોગ વિકાસ કાર્યક્રમ અંતર્ગત "નવજાત શિશુ કીટ" તૈયાર કરવાની તાલીમના કેન્દ્રનો ઉદ્ઘાટન સમારંભ તા. ૧૯-૦૬-૨૦૨૫ ના રોજ યોજાયો.











## ૧૪ જૂન, ૨૦૨૫ ના રોજ અમરેલી અને ગીર સોમનાથ જિલ્લા માટે એફપીસી અંગે લીડર ખેડૂતોની તાલીમનું આયોજન અમરેલી કાર્યાલય ખાતે કરવામાં આવ્યું હતું.









## ૨૧ જૂન, ૨૦૨૫ ના રોજ અમરેલી ખાતે અમરેલી અને ગીર સોમનાથના ઉદ્યોગસાહસિકોનું ઓરિએન્ટેશન યોજાયું હતું.















**૨૩ જૂન, ૨૦૨૫ ના રોજ ખાંભા ખાતે હરે કૃષ્ણ ફાર્મ ટેકના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ જેમાં તેમના ઉત્પાદનો ઓર્ગેનિક ફર્ટિલાઈઝર્સ મેજિક પ્લસ, બાયો પેસ્ટિસાઈડ્સ ડિફેન્ડર વગેરે વિશે ચર્ચા કરવામાં આવી હતી.**




**આયોજન મુજબ, તમામ પીયુએ ગ્રીન કૂક સ્ટવ વિતરણ, ઉદ્યોગસાહસિક મુલાકાત, એલજી ખેડૂતોની બેઠક, ખેડૂત યાદી અને મજૂર યાદી, બાયો ઈનપુટ સેન્ટર મુલાકાત, ટીમ ક્ષમતા નિર્માણ, સ્ટાફની અઠવાડિક મીટીંગ, કૂવાઓનું નિરીક્ષણ, અગ્રણી ખેડૂતોની મુલાકાત, માટીના નમૂના સંગ્રહ, જેન્ડર સમિતિની ત્રિમાસિક બેઠક જેવી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી છે.**













તમામ પ્રોજેક્ટ યુનિટની ટીમોએ વૃક્ષારોપણ માટે શાળાઓ અને પંચાયતો સાથે જોડાણ કર્યું. વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી પ્રોગામ યુનિટ INGJ14ના વિસ્તારમાં આવેલ મોટે મોલી, નરિયેલી મોલી, ચોરાલી મોલી, કાકડી મોલી, લુવારી મોલી, નાના સમઢિયાળા અને સાણા વાંકિયા ગામોમાં કરવામાં આવી. આ મહિનામાં આંબાવાડી ફાર્મ પ્રોડ્યૂસર કંપની તરફથી કુલ ૭000 સીડ બૉલ્સ પ્રાપ્ત થયા હતા, જેને ટીમના સભ્યો દ્વારા વિવિધ સ્થળોએ છાંટવામાં આવ્યા.









કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (કેવીકે) અમરેલીની ટીમ દ્વારા કાર્યક્રમ વિસ્તારમાં મહિલાઓને કિચન ગાર્ડન અંગે તાલીમ આપવામાં આવી હતી. તેમજ તેમને શાકભાજીના બીજની કીટ આપવામાં આવી હતી. આ તાલીમ ચિતલ ગામે ૦૧/૦૬/૨૦૨૫ના રોજ અને પીર ખીજડિયા ગામે ૧૬/૦૬/૨૦૨૫ના રોજ યોજાઈ હતી.





10મી જૂન ૨૦૨૫ના રોજ મહિલા અને બાળ વિકાસ વિભાગના સહયોગથી ચિતલ ગામની ૩૨ મહિલાઓને "બેટી બચાવો બેટી પઢાવો" વિષયક તાલીમ આપવામાં આવી.






## રિલાયન્સ ફાઉન્ડેશનની ડિજિટલ મોબાઈલ એપ્લિકેશન મારફતે બાબરા ગામના ૧૯ ખેડૂતોને ખેતી, પશુપાલન અને હવામાન સંબંધિત માહિતી આપવામાં આવી.



**પ્રવૃતિના ભાગ સ્વરૂપે IADLE પ્રોજેક્ટમાં ૮૦ ખેડૂતોને ૨૦૦૦ નાળિયેરીના રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું અને ૨૧૮ ખેડૂતોને ૪૩૬૦ જીપ્સમ બેગ આપવામાં આવી હતી અને મહિના દરમિયાન ૧૯૦ માટીના નમૂના એકત્રિત કરીને પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા અને રીપોર્ટ ખેડૂતોને વિતરણ કરવામાં આવ્યા.**









ટપક E-MAGAZINE

Volume 3, Issue 3

June 2025

## IADLE પ્રોજેક્ટ અંતર્ગત ૫ ગામોમાં તાલીમ અને મીટીંગનું આયોજન થયું જેમાં ૫૪૦ ખેડૂતોએ ભાગ લીધેલ.









## IADLE પ્રોજેક્ટ અંતર્ગત લીડર ખેડૂતો સાથે ૩ માસિક સમીક્ષા બેઠક યોજવામાં આવી જેમાં ૪૪ લીડર ખેડૂત હાજર રહ્યા હતા.






**આ મહિના દરમિયાન ગોંડલ ક્લસ્ટરના ૧૦ ગામોમાં સમુદાય જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો અને આ કાર્યક્રમમાં અંદાજે ૩૮૩ ગ્રામજનોએ ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન હવામાન પરિવર્તન અને સજીવ ખેતી વિષયક ચર્ચા કરવામાં આવી.**






**આબોહવા અનુકુલન માટે ગ્રામ પંચાયત વિકાસ યોજના (GPDP) અંતર્ગત ગ્રામ્ય સ્તરીય યોજના તૈયાર કરવાનું કામ ગોંડલ ક્લસ્ટરના ૫ ગામોમાં પૂર્ણ થયું. કુલ ૧૮૪ સભ્યો આ માટે ઉપસ્થિત રહ્યા હતા અને ગામની કૃષિ, કુદરતી સંસાધનોની સ્થિતિ, સિંચાઈ, પીવાનું પાણી અને અન્ય સમસ્યાઓ તથા તેના ઉકેલ અંગે ચર્ચા કરી હતી. આ સહભાગી પ્રક્રિયા GPDPની રીતોને અનુસરે છે અને આબોહવા અનુકુલનના પગલાઓને સ્થાનિક પ્રાથમિકતાઓ સાથે સમાન રીતે સામેલ કરે છે.**






ગોંડલ ક્લસ્ટરના દેરડી ગામમાં વૃક્ષારોપણની કામગીરી ચાલુ છે. આ પહેલનો હેતુ સ્થાનિક પર્યાવરણને પુનઃસ્થાપિત કરવાનો અને વધુ સુદૃઢ બનાવવાનો છે. નવા વાવેલા છોડો જમીનને સ્થિર રાખવામાં અને ધોવાણ ઘટાડવામાં મદદરૂપ થશે. સમય જતાં વૃદ્ધિ પામતી હરિયાળી સ્થાનીક જીવવિવિધતા વધારવામાં યોગદાન આપશે.








આ મહિનામાં પાટીદડ અને પાટીયાળી ગામોમાં ખેતી અંગેની તાલીમ પૂર્ણ કરવામાં આવી, જેમાં કુલ ૫૧ ખેડૂતોએ ભાગ લીધો. ખરીફ પાકોમાં મગફળી, કપાસ, તુવેર અને અન્ય પાકોની ઉત્તમ ખેતી પદ્ધતિઓ અંગે ચર્ચા કરવામાં આવી. ભાગ લેનાર ખેડૂતોને આ પાકોમાં જોવા મળતી સામાન્ય બીમારીઓ અને જીવાતો તેમજ તેમની ઓળખ અને નિયંત્રણ વિશે જાણકારી આપવામાં આવી.




૨૯ જૂન, ૨૦૨૫ ના રોજ અમરેલી મુખ્ય કાર્યાલય ખાતે સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી. આ બેઠકમાં સભ્યોએ હાજર રહી કાર્યસૂચી અનુસાર ચર્ચા કરી હતી.










Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here

GREATNONPROFITS 2023 TOP-RATED NONPROFIT

TRANSPARENCY CERTIFIED GuideStarIndia GOLD VALID TILL JUN 2021 AWARDED TO GSN 556 Shikshan Ane Samaj Kalyan Kendra

Commitment to Transparency Verified, Valid till Dec 2023 GuideStarIndia
Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org